# Current Affairs September-2017

1.September. 2017

**(૧) રાષ્ટ્રીય વયોશ્રી યોજના :**

– બીપીએલ કક્ષાના વરિષ્ઠ નાગરિકોને જીવન સહાયક ઉપકરણો આપનાર યોજના.
– આ યોજના હેઠળ ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના બીપીએલ લાભાર્થીઓને શારીરિક સહાયક યંત્ર આપવામાં આવશે.
– ૮૦ વર્ષ અને વધારે ઉમરલાયક વરિષ્ઠ નાગરિકને ઘરે ઉપકરણ આપવામાં આવશે.
– ભારત સરકાર દ્વારા નિ:શુલ્ક સહાય આપવામાં આવશે.
– ભારત સરકારના ન્યાય અને અધિકારિત મંત્રાલય દ્વારા આ યોજનાનું સંચાલન થશે.
– આ યોજના હેઠળ ૩ વર્ષમાં ૫.૫૦ લાખ વરિષ્ઠ નાગરિકોને સામેલ કરવામાં આવશે.
– ગુજરાતમાં ૧ સપ્ટેમ્બરના રોજ વડોદરાના સાવલી ખાતે જીવન સહાયક ઉપકરણો વિતરણનું આયોજન થયું હતું.
– સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી, ભારત સરકાર થાવરચંદ ગેહલોત

**(૨) ડોરિસ લિઉથર્ડ :**

– સ્વિત્ઝર્લેન્ડના રાષ્ટ્રપતિ ડોરિસ લિઉથર્ડ ભારતની ચાર દિવસીય યાત્રાએ આવ્યા.
– રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તેમનું સ્વાગત કરાયું.

**(૩) રાજીવ ગઉબા :**

– કેન્દ્રના ગૃહ સચિવપદે આઇએએસ અધિકારી રાજીવ ગઉબાને નિયુક્ત કરાયા .
– તેમના કાર્યકાળ ૨ વર્ષનો રહેશે.
– ગઉબા ઝારખંડ કેડરના ૧૯૮૨ બેચના આઇએએસ અધિકારી છે.
– આ પદ પર નિવૃત્ત થયેલા રાજીવ મહર્ષીને દેશના નવા કોમ્પટ્રોલર એન્ડ જનરલ (કેગ) તરીકે નિમ્યા છે.

**(૪) અનિતા કરવાલ :**

– ગુજરાતમાં સેવા આપી ચુકેલા અનિતા કરવાલ સીબીએસસીના નવા ચેરપર્સન બન્યા.
– જ્યારે ગુજરાત રમખાણોની તપાસ કરનાર સીટના વડા રહી ચૂકેલા આઇપીએસ અધિકારી આર. કે. રાઘવનને સાયપ્રસના રાજદૂત નિમ્યા છે.
– તથા ગુજરાત કેડરના રામેશ્વરપ્રસાદ ગુપ્તાની નીતિ આયોગના અધિક સચિવ પદે નિમણૂંક થઇ છે.

2.September. 2017

**(૧) જે. વાય પિલ્લઇ : સિંગાપોર :**

– ભારતીય મૂળના પૂર્વ અધિકારી જે.વાય. પિલ્લાઇ સિંગાપોરના કાર્યકારી પ્રમુખ (રાષ્ટ્રપતિ) તરીકે પદ સંભાળ્યું છે.
– આગામી ૧૩મી સપ્ટેમ્બર રાષ્ટ્રપતિ પદ માટેની ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરાશે.
– નવા રાષ્ટ્રપતિ ચૂંટાય ત્યા સૂધી તેઓ કાર્યકારી પ્રમુખ તરીકે હોદ્દો સંભાળશે.
– ૧૯૯૧માં જ્યારથી સિંગાપોરમાં પ્રેસિડેન્ટ ચૂંટણી પ્રક્રિયા અમલમાં આવી ત્યારબાદ આ પહેલી વખત એવું બન્યુ કે આ પદ ખાલી પડ્યું છે.

**(૨) ગ્લોબલ એજવૉચ ઇન્ડેક્સ :**

– દુનિયાભરમાં વૃદ્ધો માટે રહેવાલાયક દેશોની યાદી
– આ યાદીમાં ભારત ૭૧માં સ્થાને છે.
– કુલ ૯૬ દેશની આ યાદીમાં સ્વિત્ઝર્લેન્ડ પ્રથમ ક્રમે છે.
– ત્યારબાદ નોર્વે અને સ્વિડન અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.

3.September. 2017

**(૧) રાષ્ટ્રીય પોષણ સપ્તાહ :**

– ૧ થી ૭ સપ્ટેમ્બર, ૨૦૧૭
– ભારત સરકાર દ્વારા નવજાત શિશુ પોષણ માટે રાષ્ટ્રીય પોષણ સપ્તાહ ઉજવવામાં આવે છે.
– ભારત સરકારના પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા આ સપ્તાહની ઉજવણી થાય છે.
– સરકારશ્રી દ્વારા નવજાત શીશુને ઉત્તમ પોષણ મળી રહે તે માટે સૂચનો કરાયા છે.
જે નીચે મુજબ છે.
– બાળકના જન્મના ૧ કલાકમાં સ્તનપાન જરૂર શરૂ કરો.
– પહેલા છ માસ સુધી ફક્ત સ્તનપાન જ કરાયો (પાણી પણ નહીં.)
– બાળ ૬ માસનું થઇ જાય ત્યારે સ્તનપાનની સાથે સાથે ઉપરી આહાર આપવાનો શરૂ કરો.
– ઓછામાં ઓછા બે વર્ષ સુધી સ્તનપાન ચાલુ રાખો.
– બીમાર હોવા છતાં બાળકનું ખાનપાન ચાલુ રાખો.
– સ્તનપાન વિકલ્પ નહી સંકલ્પ છે. એ સાથે MAA એક સંકલ્પનું સુત્ર આપ્યું.
– MAA મધર્સ અબ્સોલ્યુટ અફેક્શન

**(૨) વૈદ સંજીવ ઓઝા :**

– જામનગર સ્થિત ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના કુલપતિ :
– તાજેતરમાં તેમની સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયન મેડીસીન (CCIM) ના સભ્યપદે નિમણૂંક કરી.
– આ નિમણૂંક ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા કરવામાં આવી છે.
– ભારતીય ચિકિત્સા પદ્ધતિના વિકાસ અને સંવર્ધન માટે રાષ્ટ્રીય સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયન મેડીસીન કાર્યરત છે.
– જે દેશભરની આયુર્વેદ અને હોમીયોપેથીના પ્રચાર, પસાર અને શિક્ષણની ગુણવત્તા સુધારવા સંબંધીત નિતિઓ ઘડે છે.

4.September. 2017

**(૧) રોલેન્ટ ઓલ્ટમાન્સ :**

– ભારતીય હોકી ટીમના કોચ રોલેન્ટ ઓલ્ટમાન્સને તેમના પદ પરથી હટાવાયા.

Vivekanand Academy Gandhinagar

- તેમને જુલાઇ, ૨૦૧૫માં જ મેન્સ હોકી ટીમના ચીફ કોચ બનાવવામાં આવ્યા હતા.
- ભારતીય હોકી ટીમના કથળતા પ્રદર્શનના લીધે તેમને હટાવાયા છે.
- ઓલ્ટમાન્સ નેધરલેન્ડના ભૂતપૂર્વ ખેલાડી હતા.
- હવે ભારતીય હોકી ટીમના હાઇ પર્ફોમન્સ ડાયરેક્ટર ડેવિડ જોનને મેન્સ હોકી ટીમના ઇનચાર્જ કોચ બનાવવામાં આવ્યા છે.

**(૨) મહેન્દ્રસિંહ ધોની – ક્રિકેટર :**

- ભારતના ભૂતપૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ તેનું શાનદાર ફોર્મ જાળવી રાખતા ઓસ્ટ્રેલીયા સામે રમાયેલ પ્રથમ વન–ડેમાં ૭૯ રન ફટકાર્યા.
- આ સાથે ત્રણેય ફોર્મેટમાં કુલ મળીને ૧૦૦ અડધી સદીનો વિક્રમ ધોનીએ નોંધાવ્યો.
- ધોની અગાઉ તેંડુલકર, ગાંગુલી અને દ્રવિડ આ સિદ્ધિ નોંધાવી ચૂક્યા છે.

5.September. 2017

**(૧) શિક્ષક દિન**

**(૧) IPL પ્રસારણ અધિકાર :**

- ૨૦૦૮માં શરૂ કરાયેલી આઇપીએલની ટેલીવીઝન ડિઝીટલ પ્રસારણ સત્તા સ્ટાર ઇન્ડિયાને મળી છે.
- આ માટે સ્ટાર ઇન્ડિયા ૧૬૩૪૭.૫ કરોડ રૂા. ચુકવશે.
- આ કરાર ૨૦૧૮ થી ૨૦૨૨ એમ પાંચ વર્ષનો છે.
- આ સાથે જ આઇપીએલના મિડિયા રાઇટ્સમાં ૧૫૮%નો વધારો થયો.

**(૨) જ્ઞાનકુંજ પ્રોજેક્ટ :**

- ગુજરાત સરકારની ડિજિટલ શિક્ષણ ક્ષેત્રે નવી પહેલ
- મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે ૫ સપ્ટેમ્બરના રોજ શુભારંભ
- શાળા કક્ષાએ ટેક્નોલોજીની મદદથી સ્માર્ટ બોર્ડ સાથે ઇન્ટેરેક્ટિવ ઇ–ક્લાસ
- રાજ્યની ૧૬૦૯ સરકારી પ્રાથમિક શાળાઓમાં ધો.–૭ અને ૮ના ૩૧૭૩ વર્ગખંડોમાં લેપટોપ, પ્રોજેક્ટર, ઇન્ફારેડ કેમેરા, સ્માર્ટ બોર્ડ સ્પીકર અને વાઇફાઇ રાઉટરની સુવિધા.
- ભાર વિનાના ભણતર માટે ૧૦૦ શાળાઓના ધોરણ ૭ અને ૮ના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ૧૦૦૦૦ ટેબલેટ
- ધો. ૫ થી ૮ ના તમામ વિષયોનું ઇ– કન્ટેન્ટ અને ઇન્ટરનેટના માધ્યમથી ઉપલબ્ધ કન્ટેન્ટથી શિક્ષણ

**(૪) HAL સેનાને અત્યાધુનિક હેલીકોપ્ટર આપશે.**

- હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL)
- સેનાને ૪૧ એડવાન્સ લાઇટ હેલિકોપ્ટર આપશે.
- ૫ વર્ષમાં ૬૧૦૦ કરોડના ખર્ચે આ ૪૧ હેલિકોપ્ટર તૈયાર થશે.
- HAL ના અધ્યક્ષ તથા એમડી : ટી.સુવર્ણા રાજુ

6.September. 2017

**(૧) મા નર્મદા મહોત્સવ યાત્રા :**

- ગુજરાતના ઘરે ઘરે નર્મદાના નીર પહોચ્યા અને સમૃદ્ધી પ્રસરી
- ૮૪ નર્મદા રથ રાજ્યના ૨૪ જિલ્લા, ૭ શહેરો અને ૭૨૦૦ થી વધુ ગામોમાં ફરશે.
- જ્યાં માં નર્મદાની આરતી પુજન કરી ગ્રામજનો ધન્યતા અનુભવશે.
- આ નર્મદા રથ ૬ સપ્ટેમ્બર થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન તમામ ગામોમાં ફરશે.
- મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્હસ્તે સુરેન્દ્રનગર ખાતેથી મા નર્મદા મહોત્સવ યાત્રાનો પ્રારંભ થયો.

**(૨) ગૌતમ ગંભીર :**

- કાશ્મિરમાં અનંતનાગમાં થયેલ આતંકી હુમલામાં શહીદ ASI રાશીદની પુત્રીના અભ્યાસનો ખર્ચ ક્રિકેટર ગૌતમ ગંભીર ઉઠાવશે.
- આ દિકરીનું નામ ઝોહરા છે.

**(૩) રામનાથ કોવિંદ : ગુજરાત પ્રવાસ :**

- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ રાષ્ટ્રપતિ બન્યા બાદ ગુજરાતના પ્રથમ પ્રવાસે
- તેમના હસ્તે ઘેલા સોમનાથ સૌની યોજનાનું ખાતમૂહુર્ત થયું.
- ૧૦૬૮ કરોડની આ યોજના હેઠળ આલણસર, ઘેલો, ઈતરીયા, ઘેલા સોમનાથ, માલગઢ, ઇશ્વરીયા, જળાશયો ભરાશે.

7.September. 2017

**(૧) અભિનવ બિન્દ્રા :**

- ભારતીય શૂટર અભિનવ બિન્દ્રા પર ફિલ્મ બનશે.
- આ ફિલ્મ ૨૦૦૮માં બેઇજીંગમાં યોજાયેલ બેઇજીંગ ઓલિમ્પિક પર હશે.
- આ ઓલિમ્પીકમાં ભારત માટે વ્યક્તિગતરૂપે પ્રથમ ગોલ્ડમેડલ અભિનવ બિન્દ્રાએ મેળવ્યો હતો.
- બોલીવુડ અભિનેતા હર્ષવર્ધન કપૂર આ ફિલ્મમાં બિન્દ્રાની ભૂમિકા નિભાવશે.

**(૨) ઇરમા વાવાઝોડું :**

- એટ્લાન્ટિક મહાસાગરમાં ઉદ્ભવેલું અંત્યંત ઘાતક વાવાઝોડું
- કેરેબિયન ટાપુના દેશો ડોમિનિક રિપબ્લીક
  હૈતી અને ક્યુબાને ઘમરોળ્યા બાદ આ વાવાઝોડું અમેરિકા તરફ આગળ વધી રહ્યું છે.
- વાવાઝોડાના પવનની ઝડપ ૨૧૦ કિલોમીટરથી વધુ.

**(૩) પરિણિતિ ચોપરા : અભિનેત્રી :**

- ભારતીય અભિનેત્રી પરિણિતિ ચોપરાને ટુરીઝમ ઓસ્ટ્રેલિયાની બ્રાન્ડ એમ્બેસેડર બનાવાઇ છે.
- તે 'હેન્ડ ઓફ ઓસ્ટ્રેલિયા' એડવોક્સી પેનલનો ભાગ હશે.
- તેમા શેફ સંજીવ કપૂર અને ક્રિકેટ કીમેન્ટેટર હર્ષા ભોગલે પણ છે જે ભારતીયોને ઓસ્ટ્રેલિયા જવા પ્રોત્સાહીત કરે છે.

**(૪) મધ્યપ્રદેશમાં ગાયોનું આધારકાર્ડ નિકળશે.**

Vivekanand Academy Gandhinagar

- મધ્યપ્રદેશમાં હવે ગાયોનું પણ આધારકાર્ડ નિકળશે જેમા પુરી વિગતો સાથે લોકેશનની પણ માહિતી હશે.
- મધ્યપ્રદેશ સરકાર ૪ જિલ્લા ધાર, ખરગોન, શામપુર અને આગરમાં પાયલટ પ્રોજેક્ટ તરીકે આ યોજના શરૂ કરાશે.
- ગાયના ગળામાં કે કાનમાં રેડિયો ફિક્વન્સી આઇડી ચીપ લગાવાશે જેમાં તમામ વિગત હશે.

8.September. 2017

**(૧) વિશ્વ સાક્ષરતા દિવસ :**

- લોકોને ભણતર પ્રતિ જાગૃત કરવા માટે યુનેસ્કો ૮ સપ્ટેમ્બરના સાક્ષરતા દિવસ મનાય છે.
- ૧૯૬૬માં પહેલી વખત આ દિવસ મનાવાયો હતો.
- ભારતમાં સાક્ષરતાનો દર ૭૪.૪ ટકા છે.

**(૨) વર્લ્ડ ફિઝિયોથેરાપી ડે :**

**(૩) ટાઇમ્સ હાયર એજ્યુકેશન વર્લ્ડ યુનિ. રેન્કિંગ – ૨૦૧૮**

- વૈશ્વિક સ્તરે થયેલા સર્વે મુજબ ટોપ-૧૦૦૦માં ભારતની માત્ર ૩૧ કોલેજ યુનિને. સ્થાન મળ્યું છે.
- આ ૧૦૦૦માં ભારતની IIM ધનબાદ અને બનારસ હિન્દુ યુનિ.ને પહેલીવાર સ્થાન મળ્યું છે.
- સરકાર હવે ૨૦ યુવિવર્સિટીને અપગ્રેડ કરી વર્લ્ડ ક્લાસ બનાવશે.
- આ પસંદગીની સંસ્થાઓને પાંચ વર્ષમાં એક હજાર કરોડ અપાશે.

9.September. 2017

**(૧) તેલંગણાના ધારાસભ્યની નાગરિકતા રદ થઇ**

- તેલંગણા રાષ્ટ્ર સમિતિના ધારાસભ્ય રમેશ ચેન્નામનેની નાગરિકતા રદ કરાઇ.
- તેમની પાસે જર્મન પાસપોર્ટ મળ્યા પછી કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા આ પગલા લેવાયા.
- રમેશે બનાવટી દસ્તાવેજોથી ભારતની નાગરિકતા હાંસલ કરી ૩ વાર ચૂંટણી જીતી છે.

**(૨) ઓણમ તહેવાર :**

- કેરળના ત્રિપુરા શહેરમાં ઉજવણી.
- 'કુમ્માટી કાલી' ની શોભાયાત્રા
- બહુરૂપી જેવી વેશભુષામાં સજ્જ લોકકલાકારો સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યા.

**(૩) બ્લૂ વ્હેલ ગેમ :**

- શોધન : ફિલિપ બુડિકિમ, રશિયા
- યુનિ.માંથી કાઢીમાં મુકવામાં આવેલ માથાફરેલ યુવાન.
- રશિયાની સોશીયલ મીડીયા સાઇટ 'વિકોન્ટેક્ટ' પર તેણે એફ ૫૭ નામનું ગ્રુપ બનાવ્યું હતું. જેમાં બ્લુ વ્હેલ ગેમ રમાડતો હતો.
- આ ગેમમાં કુલ ૫૦ ટાસ્ક હોય છે. જેમા દરેક ટાસ્ક હિંસક અને અંતિમ ટાસ્કમાં સ્યુસાઇડ કરવાનું હોય છે.
- આ ઓનલાઇન આત્મઘાતી ગેમમાં જે જોડાવા માગતો હોય તેને કાંડા પર બ્લેક થે કશુંક લખવાનું અથવા વ્હેલનું ચિત્ર દોરવાનું કહેવામાં અવો છે.
- રમનાર તેનો ફોટો અપલોડ કરે પછી તેની ઉમેદવારી માન્ય કરાય છે.
- બ્લૂ વ્હેલ ચેલેન્જ ડાઉનલોડ કરી શકાતી નથી તેની ઓનલાઇન કોમ્યુનિટી હોય છે. જુદી જુદી લિન્કના માધ્યમથી બાળકો અને યુવાનો તેના સુધી પહોંચે છે.
- વિશ્વભરમાં આ ગેમ ૧૩૦ લોકોને ભરખી ગઇ છે.

10.September. 2017

**(૧) ૧.૫ કિલો થી ઓછા વજનના નવજાત શિશુને રાજ્ય સરકાર રૂા. ૪૯ હજાર ચૂકવશે.**

- બાળસખા યોજના અંતર્ગત ૭૯ હાઇ પ્રાયોરિટી તાલુકાના લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળશે.
- રાજ્યમાં કુપોષણ નાબુદ કરવા સરકારશ્રી દ્વારા એક નવી પહેલ કરવામાં આવી છે.
- આ અંતર્ગત ૧.૫ કિલો કરતા ઓછા વજન સાથે જન્મેલા બાળકને સારવાર માટે રોજના ૭ હજાર રૂપિયા લેખે ૭ દિવસ સુધી ૪૯ હજાર રૂપિયાની સહાય આપવામાં આવશે.
- બાળકની સાથે તેની માતાને પણ રહેવાનો અને ભોજનનો ખર્ચ રાજ્ય સરકાર ઉઠવાશે.

**(૨) પાર્થિવ પટેલ : ક્રિકેટર :**

- ગુજરાતના ભારતીય ક્રિકેટર પાર્થિવ પટેલ દુલિપ ટ્રોફીની મેચ દરમિયાન ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૧૦૦૦૦ રન પુરા કરવાની સિદ્ધિ મેળવી
- આ ટુર્નામેન્ટમાં પાર્થિવ પટેલ ઇન્ડિયા ગ્રીન ટીમના કેપ્ટન તરીકેની જવાબદારી સંભાળી હતી.
- તે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૧૦૦૦૦ રન પુરા કરનારો ૪૮મો ભારતીય ક્રિકેટર બન્યો.

11.September. 2017

**(૧) ફ્લોરિડા પર હરિકેન ઇરમા**

- અમેરિકાના ફ્લોરિંગ સ્ટેટ પર રવિવાર સવારે ૭ વાગ્યે ત્રાટક્યું.
- કેટેગર IV (ફોર) જેવી ઝડપ ૨૧૦ કિ.મી. / કલાક
- અંદાજીત ૭૦,૦૦૦ લોકો આ હોનારતમાં ફસાયા

શું છે હરિકેન ઇરમા ?

– પાંચ પ્રકારનાં હરિકેનમાંનો ચોથી પ્રકાર છે.

– એટલાન્ટીક મહાસાગરમાં દર વર્ષે સર્જાતુ હોય છે.

– ટ્રોપિકલ સાયક્લોન કહેવાય છે.

– મે થી સપ્ટેમ્બર સુધીમાં એક્ટિવ થાય.

– ૧૯૯૪માં સૌથી ઓછા અને ૨૦૦૫માં સૌથી વધુ સર્જાયા હતા.

– નવ પ્રકારનાં હરિકેન

(૧) ફેમીલી (૨) એલન (૩) એન્ડુ (૪) ઇઝાબેલ

(૫) ઇવાન (૬) ડિન (૭) ફેલીક્સ (૮) ઇરમાં

(૯) મારિયા

– સૌથી ખતરનાક 'મારિયા'' છે.

**(૨) સ્લોએન સ્ટીફન્સ : US open Champeon**

- US open Grani Slam માં મહિલા સિંગલસમાં પ્રથમ મેડીસન કેઇસને હાર આપી વિજેતા બની.
- બંને આ ખેલાડી ફાઇલમાં પ્રથમવાર પહોંચ્યા હતા.
  - વાર્ષિક ટેનિસ સ્પર્ધા જે ન્યુયોર્કમાં યોજાય.
  - આ વખતની ૧૩–૧૭મી હતી.
  - ITF (International Tennis Federation) દ્વારા યોજવામાં આવે

12.September. 2017

**(૧) US Open Men's Single રફેલ નડાલ :**
- સાઉથ આફ્રિકામાં કેવિન એન્ડરસરનને પરાજય આપી વિજેતા
- નડાલને ૩.૭૦ મિલિયન ડોલર ઇનામ મળશે.
- નડાલનું US Open માં ત્રીજું અને કારકીર્દિનું ૧૬મું ગ્રાન્ડ સ્લેમ
- આ પહેલા ૨૦૧૦ અને ૨૦૧૩માં જીત્યો હતો.

**(૨) રક્ષામંત્રીની કચ્છ મુલાકાત :**
- ભારતીય રક્ષામંત્રી નિર્મલા સીતારામને સંવેદનશીલ દરિયાઇ સીમાની મુલાકાત લીધી.
- કચ્છની સંવેદનશીલ ગણાતી સીરકીક, કોરીકીક અને સીમાં ચોકીઓની આજે સંરક્ષણ પ્રધાને મુલાકાત લીધી.

13.September. 2017

**(૧) મોંઘવારી ભથ્થામાં વધારો :**
- કેન્દ્ર સરકારના કર્મચારી અને પેન્શનરોને મોંઘવારી ભથ્થામાં ૧% (એક) ટકાનો વધારો મંજૂર
- આ સાથે હવેથી ૪% થી વધીને ૫% થશે.

**(૨) શસ્ત્ર મેળો :**
- બ્રિટનની રાજધાની લંડનમાં વિશ્વનો સૌથી મોટો શસ્ત્ર મેળો યોજાયો.
- ૧૬૦૦ કરતા વધુ કંપનીઓ પોતાના શસ્ત્ર સાથે પ્રદર્શનમાં ભાગ લીધો.

**(૩) સુપ્રિમ કોર્ટની લાલ આંખ : MP & MLA તરફ**
- જસ્ટિસ ચેલમેશ્વરે સાંસદો અને ધારાસભ્યોની વધતી જતી મિલકત પર લાલ આંખ કરી.
- આ બાબતે એન.એન. વોહરા સમિતિની નિમણૂંક થયેલી હતી.
- લોકસભાનાં ૨૬ સાંસદ, રાજ્યસભાના ૧૧ સાંસદ અને ૨૫૭ ધારાસભ્યોની સંપતીમાં ૫૦૦ ગણો વધારો માત્ર ૫ (પાંચ) વર્ષમાં નોંધાયો.

14.September. 2017

**(૧) ''સક્ષમ''**
- બળતણ બચાવી ઉત્તમ પર્યાવરણ તથા સ્વાસ્થ્ય સુધાર માટેનું કેન્દ્ર સરકારનું પ્રતિયોગિતાનાં માધ્યમથી સકારાત્મક પગલું.
- સપ્તાહમાં એક દિવસ પેટ્રોલ ડિઝલનો ઉપયોગ ન કરવા આહ્વાન.
- પેટ્રોલિયમ તથા પ્રાકૃતિક ગેસ મંત્રાલય' ભારત સરકાર દ્વારા 'રાષ્ટ્રીય પ્રતિયોગિતા–૨૦૧૭' આયોજન કરાયું.
- સિંગાપુર યાત્રા, લેપટોપ, ટેબલેટસ રોકડ ઇનામો તેમજ પ્રમાણપત્ર તથા ગીફ્ટ વાઉચર જેવા પુરસ્કારો.

**(૨) હલીમાં યાકુબ : સિંગાપોરનાં રાષ્ટ્રપતિ**
- સિંગાપોરનાં પ્રથમ રાષ્ટ્રપતિ બન્યાં.
- ચુંટણીતંત્ર દ્વારા હલીમાંનાં તમામ હરિફ ઉમેદવારોને ગેરલાયક કહેવાતા મતદાન વગર સત્તા સોંપાઇ.
- લોકોમાં આ બાબતે ટિકા જોવા મળી છે.
- આ નિર્ણયને બિનલોકતાંત્રિક જાણવામાં આવી રહી છે.

15.September. 2017

**(૧) હેરિટેજ સેન્ટર : ગુજરાત યુનિવર્સિટીમાં**
- ટેકનોલોજી એન્ડ હેરિટેજ પ્રિઝર્વેશન ઇન્ટરપ્રિટેશન સેન્ટર શરૂ થશે.
- શૈક્ષણિક, સાંસ્કૃતિક, આરોગય રમત–ગમત સહિતના ક્ષેત્રોને આવરી લેવામાં આવશે.
- શ્રીમતી અકી આબેએ કુલપતી ડૉ. હિમાંશુ પંડ્યાને જાપાની ડોલ ભેટમાં આપી.

**(૨) 'સ્વચ્છતા પખવાડીયાની ઉજવણી'**
- ૧૫/૯/૨૦૧૭ થી ૨/૧૦/૨૦૧૭ સુધીનું આયોજન
- જેમાં નીચેનાં ચોક્કસ દિવસ નક્કી કરાયા છે.
  (૧) ૧૭/ ૯ – સેવા દિવસ (શ્રમદાન)
  (૨) ૨૪/૯ – સમગ્ર સ્વચ્છતા (સામુહિક કવાયત દ્વારા શ્રમદાન
  (૩) ૨૫/ ૯ – સર્વત્ર સ્વચ્છતા (જાહેર સ્થળોએ શ્રમદાન)
  (૪) ૧/૧૦ શ્રેષ્ઠ સ્વચ્છતા (શહેરનાં જાહેર સ્થળો પર સ્વચ્છતા
  (૫) ૨/૧૦ – ગાંધી જયંતી (સ્વચ્છ દિવસ / એવોર્ડની ઉજવણી)

**(૩) ટેબલ ટેનિસ : એશિયા કપનો પ્રારંભ :**
- અમદાવાદ ખાતે ૧૨ દેશના ૩૨ ખેલાડીઓ ભાગ લેશે.
- ગુજરાતને પ્રથમ વખત યજમાની મળી
- આ ૩૦ મો ટીટી કપ હશે.
- ભારતમાં આ બિજી વખત યજમાની, આ પહેલા પ્રથમ વખત ૨૦૧૫માં જયપુર ખાતે યોજાયો હતો.
- ભારત તરફથી પુરૂષ વિભાગમાં શરથ કમલ અને હરમીત દેસાઇ જ્યારે મહિલા વિભાગમાં મનિકા બત્રા સામેલ છે.

16.September. 2017

**(૧) આંતરરાષ્ટ્રીય ઓઝોન સુરક્ષા દિવસ :**
- સંયુક્તરાષ્ટ્રસંઘની મહાસભાએ ૧૯ ડિસેમ્બર, ૧૯૯૪ના રોજ એક વિશેષ ઠરાવ પસાર કરીને દર વર્ષે ૧૬ સપ્ટેમ્બરને આંતરરાષ્ટ્રીય ઓઝોન સુરક્ષા દિવસ ઉજવવાનું નક્કી કર્યું.
- ખરેખર તો પૃથ્વીના કુદરતી સુરક્ષા કવચરૂપ ઓઝોનની સુરક્ષા માટે વિશ્વના રાષ્ટ્રોએ ૧૬ સપ્ટેમ્બર ૧૯૮૪ના રોજ મોન્ટીયલ કરાર પર સહી કરી હતી.

Vivekanand Academy Gandhinagar

- માટે એ દિવસને ઓઝોન દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું હતું.

**(૨) લંડનની ટ્રેન પર આતંકી હુમલો :**

- બ્રિટનની રાજધાની લંડનમાં ફરી એકવાર આતંકી હુમલો થયો.
- સાઉથવેસ્ટ લંડનમાં પાર્સન્સ ગ્રીન સ્ટેશન ખાતે ટ્યુબટ્રેનના ડબ્બામાં વિસ્ફોટ થયો જેમાં ૨૨ થી વધુ પ્રવાસીઓને ઇજા પહોંચી હતી.
- બ્રિટન પી.એમ. – થેરેસા મે –લંડન મેયર – સાદિક ખાન

**(૩) કૃષિ કર્મણ એવોર્ડ : ૨૦૧૫–૧૬**

- સતત પાચમી વાર મધ્યપ્રદેશને કૃષિ કર્મણ એવોર્ડ ૨૦૧૫–૧૬ એનાયત થશે.
- આ પ્રતિષ્ઠિત એવોર્ડ ભારત સરકાર આપે છે.
- મધ્યપ્રદેશને ૨૦૧૫–૧૬નો આ એવોર્ડ ભારત સરકાર આપશે.
- મધ્યપ્રદેશને ૨૦૧૫–૧૬નો આ એવોર્ડ ઘઉંની ઉત્પાદન શ્રેણી માટે મળ્યો છે.
- હરિયાણા અને પંજાબને પાછળ છોડી મધ્યપ્રદેશ ઘઉં ઉત્પાદનમાં નંબર બન્યું.
- ઇનામ સ્વરૂપ મધ્યપ્રદેશ સરકારને ટ્રોફી, પ્રશસ્તીપત્ર અને રૂા. ૨ કરોડ આપવામાં આવશે.
- સાથે સાથે કૃષિ સમાજના પ્રતિનિધિ રૂપમાં ૧ પુરૂષ અને એક મહિલાને સન્માનીત કરાશે.
- તેમને સન્માન સ્વરૂપ બે–બે લાખ રૂપિયા તથા પ્રશસ્તીપત્ર એનાયત થશે.
- રાજ્યમાં કૃષિ વિકાસ દર ૨૫ ટકા રહેવાનું અનુમાન લગાવાયું છે.
- તથા આ વર્ષે ૨૨૫ લાખ ટન ઘઉંના ઉત્પાદનનું અનુમાન લગાવાયું છે.
- મધ્યપ્રદેશ મુખ્યમંત્રી : શિવરાજસિંહ ચૌહાણ

**(૪) કાસિની યાન :**

- સુર્યમંડળના ત્રીજા સૌથી મોટા ગ્રહ શનિ વિશે ૧૩ વર્ષ સુધી સંશોધન કરનારુ ‘કાસિની’ યાન નિવૃત્ત.
- નાસાએ ઓક્ટોબર ૧૯૯૭માં ફ્લોરિડાના અંતરિક્ષ કેન્દ્રથી કાસિની યાનને રવાના કર્યુ હતું.
- જે સાત વર્ષ ૨૦૦૪માં શનિની કક્ષામાં પ્રવેશ્યું હતું.
- ૧૩ વર્ષ સુધી શનિની પ્રદશિક્ષા કરી શનિના સાત ચંદ્રો શોધ્યા.
- કાસિની યાનના લીધે જ દુનિયાને શનિના વલયો ઘણા રહસ્યો અને આંકડા મળ્યા.
- કુલ ખર્ચ : રૂા. ૨૪૯૬૦ કરોડ
- ૨૦૦૮મા જ નિવૃત થવાનું હતું. પરંતુ તમામ ઉપકરણો યોગ્ય રીતે ચાલતા મિશન લંબાવાયું હતું.
- શનિના ઉપગ્રહો ટાઇટન વિશે પણ મહત્વના સંશોધનો કાસિનીએ કર્યા હતા.
- ૭.૯ અબજ કિ.મી. ની યાત્રા, ૪.૫૩ લાખ તસવીરો, ૬૩૫ જીબી ડેટા મોકલ્યા.
- કાસીની સાથે મોકલેલું હાયંગેસ યાન ૧૪ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ ટાઇટન પર ઉતર્યું હતું પરંતુ નિષ્ક્રિય થઇ ગયું.

**(૫) હલીમા યાકોબ : સિંગાપોરના નવા રાષ્ટ્રપતિ :**

**(૬) આસામમાં વૃદ્ધો માટે આશીર્વાદ રૂપ કાયદો :**

- આસામમાં માતા–પિતાને કે દિવ્યાંગ ભાઇ –બહેનને તરછોડનાર સરકારી કર્મચારીના પગારમાં ૧૦ ટકા રકમ કપાઇ જશે.
- આ રકમ તરછોડાયેલ માતાપિતા કે દિવ્યાંગ ભાઇબહેનના ભરણપોષણ માટે ઉપયોગમાં લેવાશે.
- વૃદ્ધો માટે આશીર્વાદ રૂપ કાયદો ઘડનાર આસામ પ્રથમ રાજ્ય છે.
- આસામમાં બીજો પણ એક મહત્વનો કાયદો છે જેમાં વધુમાં વધુ બે બાળકો વાળાને જ સરકારી નોકરી મળે છે.

**(૭) મેડમ તુસાદ મ્યુઝિયમ : દિલ્હી :**

- દિલ્હીના મેડમ તુસાદ મ્યુઝિયમમાં ભારતીય સેલીબ્રેટીઝ બાદ હવે આંતરરાષ્ટ્રીય મહાનુભાવોના મીણના પુતળા મુકાશે
- માઇકલ જેક્શન , મેરિલીન મનરો
  ડેવિડ બેકહમ – લિયોનલ મેસી
- ચાલુ વર્ષના અંત સુધીમાં આ મહાનુભાવો મ્યુઝિયમના ભાગ બની જશે.

**(૮) યુપીનું મુગલસરાય પંક્તિ દિનદયાલ ઉપાધ્યાય નગર બનશે.**

- યુપીના મુગલસરાય શહેરનું નામ હવે પં. દીનદયાલ ઉપાધ્યાય નગર કરી દેવામાં આવ્યું.
- હાલમાં રેલવે સ્ટેશન તથા પોલીસ સ્ટેશનનું નામ મુગલસરાય જ રહેશે.
- પરંતુ શહેરના પ્રવેશના બધા માર્ગો પર પં. દીનદયાલ ઉપાધ્યાય નરગનું જ બોર્ડ લાગશે.

**(૯) દેશનું પ્રથમ એનિમલ લો સેન્ટર :**

- હૈદરાબાદ ખાતે નેશનલ એકેડમી ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ યુનિવર્સિટીમાં કેન્દ્રીય પ્રધાન મેનકા ગાંધીએ દેશના પ્રથમ એનિમલ લો સેન્ટરનો શુભારંભ કર્યો.
- આ યુનિ.માં પશુ સાથે સંબંધિત કાયદા કોર્સમાં સામેલ થશે.
- આવા કાયદા અને પશુ કલ્યાણના મુદ્દા અંગે ન્યાયવિદો, વકિલો અને પશુપ્રેમીઓની સાથે કાર્યશાળાઓ પણ યોજાશે.

17.September. 2017

**(૧) વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ**

- કેન્દ્ર સરકાર દ્વારા વડાપ્રધાન મોદીના જન્મદિને ‘સેવા દિવસ’ તરીકે ઉજવવાનું નક્કી કર્યું.

**(૨) સંગ્રામસિંહ – ભારતીય રેસલર :**

- ભારતીય રેસલર સંગ્રામસિંહે દિલ્હીમાં યોજાયેલ કેડી જાધવ રેસલિંગ ચેમ્પિયનશીપ જીતી લીધી.
- અમેરીકાના કેવિન રેડફોર્ડન હરાવી આ ટાઇટલ પોતાના નામે કર્યું હતું.

**(૩) મુંબઇમાં આર.કે. સ્ટુડીયોમાં આગ :**

- ૧૯૪૮માં રાજકપૂરે નિર્માણ કરેલ ચેમ્બુર સ્થિત આર.કે. સ્ટુડિયોમાં આગ લાગી.
- આ સ્ટુડીયોમાં શૂટિંગ કરવામાં આવેલી પ્રથમ ફીલ્મ – આગ
- ત્યારદબાદ આવારા, શ્રી ૪૨૦, રામ તેરી ગંગા મેલી વગેરે હીટ ફિલ્મો અહી બની હતી.

Vivekanand Academy Gandhinagar

**(૪) ફાઇવ સ્ટાર એર ચીફ માર્શલ અર્જનસિંહ :**

- ભારતીય વાયુસેનાનું સૌથી મોટું નામ એટલે એર માર્શલ અર્જનસિંહનું હ્રદયરોગના હુમલાનો ભોગ બનતા અવસાન. (૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૭)
- જન્મ ૧૬ એપ્રિલ, ૧૯૧૯
- બીજા વિશ્વયુદ્ધમાં બર્માના મોરચે લડી ચૂકેલા અર્જનસિંહને બ્રિટિશ સરકારે 'ડિસ્ટિંગ્વિશ ફલાઇંગ ક્રોસ' થી સન્માનીત કર્યા હતા.
- ૧૯૪૭માં દેશ આઝાદ થયો ત્યારે લાલ કિલ્લા પરથી વાયુસેનાના ૧૦૦ વિમાનો ઉડાવાયા હતા. એ ટુકડીના લિડર બનવાનું સન્માન અર્જનસિંહને મળ્યું હતું.
- ૧૯૬૪માં તેઓ વાયુસેનાના ત્રીજા અધ્યક્ષ બન્યા.
- સપ્ટેમ્બર ૧૯૬૫માં પાકિસ્તાનને 'ઓપરેશન ગ્રાન્ડસ્લેમ' હેઠળ જમ્મુ કાશ્મીરને તાબામા લેવા પોતાના વિમાનો ઘુસાડી દીધા.
- ત્યારે માત્ર એક કલાકમાં વ્યુ રચના ઘડી ભારતીય વાયુસેનાએ અર્જનસિંહના નેતૃત્વમાં પાકિસ્તાન પર આક્રમણ કર્યું.
- એ યુદ્ધ ભારત જીત્યા બાદ તેમના આ અદ્વિતિય પ્રદાન બદલ ભારત સરકારે તેમને પદ્મભૂષણથી સન્માનીત કર્યા હતા.
- તેમની એર ચીફની રેન્કને એર ચીફ માર્શલ તરીકે બઢતી આપવામાં આવી હતી.
- જુલાઇ ૧૯૬૯માં તેઓ હવાઇદળમાંથી નિવૃત થયા
- ત્યારબાદ સ્વિત્ઝર્લેન્ડમાં ભારતીય રાજદૂત અને કેન્યામાં હાઇકમિશનરની જવાબદારી શોભાવી
- ૧૯૮૯-૯૦માં દિલ્હીના બે ગવર્નર રહ્યા.
- જાન્યુઆરી ૨૦૦૨માં તેમને કેન્દ્ર સરકાર દ્વારા 'ફાઇવ સ્ટાર' માર્શલ રેન્ક આપવામાં આવ્યો હતો.
- આઝાદ ભારતના ઇતિહાસમાં અત્યાર સુધી માત્ર ત્રણ સેનાનીને જ ફાઇવ સ્ટાર માર્શલનું સન્માન પ્રાપ્ત થયું છે.

  (૧) જનરલ કોડેન્દ્ર મડપ્પા કરિઅપ્પા

  (૨) ફીલ્ડ માર્શલ જનરલ માણેકશા

  (૩)એર ચીફ માર્શલ અર્જનસિંહે

**ફિલ્ડ માર્શલ એટલે શું ?**

- ફિલ્ડ માર્શલ એ ભારતીય લશ્કરનો સર્વોચ્ચ હોદ્દો છે.
- એ હોદ્દો ધરાવતા લશ્કરી અધિકારીના પોશાક પર 'પાંચ સિતારા (ફાઇવ સ્ટાર) લાગેલા હોય છે.
- ફિલ્ડ માર્શલનો હોદ્દો ધરાવતા અધિકારી આજીવન નિવૃત નથી થતા તેમની સેવા ચાલુ જ ગણાય છે.
- અર્જનસિંહ એરફોર્સમાં હતા પરંતુ તેમનું અસાધારણ પ્રદર્શન જોતા તેમને ફાઇવ સ્ટાર રેન્ક એનાયત થઇ હતી.
- એ પછી તેઓ 'માર્શલ ઓફ એર ફોર્સ' તરીકે ઓળખાતા.

18.September. 2017

**(૧) કોરીયા ઓપન – બેડમિન્ટન :**

- શાનદાર ફોર્મમાં ચાલી રહેલી ભારતીય ખેલાડી પી.વી. સિંધુએ કોરીયા ઓપન બેડમિન્ટન સુપર સિરિઝનું ટાઇટલ પોતાના નામે કર્યું.
- ફાઇનલમાં તેણે જાપાનની નોઝોમી ઓકુહારોને પરાજય આપ્યો હતો.
- આ સાથે સિંધુ કોરિયા ઓપન જીતનાર પ્રથમ ભારતીય ખેલાડી બની છે.
- ચાલુ વર્ષમાં સિંધુનું આ ત્રીજુ સુપર સિરિઝનું ટાઇટલ હતું.
- આ પહેલા તેણે સૈયદ મોદી ઇન્ટરનેશનલ તથા ઇન્ડિયા ઓપનનું ટાઇટલ જીત્યું હતું.

**(૨) જોઝ વાવાઝોડું :**

- એટ્લાન્ટિક મહાસાગરમાં ઉદ્‌ભવેલું જોઝ વાવાઝોડું ન્યૂયોર્ક સીટી પર ત્રાટકવાનો ખતરો
- અગાઉ ઇરમા અને હાર્વે વાવાઝોડાએ ફ્લોરિડા અને ટેક્સાસમાં નુકસાન પહોચાડ્યું હતું.

**(૩) અજય બિસરિયાની :**

- પાકિસ્તાન ખાતેના ભારતીય હાઇ કમિશનર તરીકે વિદેશ મંત્રાલય દ્વારા અજય બિસરિયાનીની નિમણૂંક કરાઇ છે.
- હાલમાં પાકિસ્તાનમાં રહેલા ભારતના હાઇકમિશનર ગૌતમ બંબાવાલેને ચીનમાં મોકલવામાં આવ્યા છે.
- જ્યારે ચીન ખાતે ભારતના રાજદૂત વિજય ગોખલેને વિદેશ મંત્રાલયમાં આર્થિક સંબંધો અંગેના સેક્રેટરી નિયુક્ત કરવામાં આવ્યા છે.

**(૪) ૨૧ હજાર ફુટની ઉંચાઇએ સેનાનું સફાઇ અભિયાન**

- ભારતીય સેનાએ સિયાચીનની હિમાચ્છાદિત પર્વતમાળા પર સ્વચ્છતા અભિયાન ચલાવ્યું.
- આ સફાઇ અભિયાન 'ગ્રીન સિયાચીન, ક્લીન સિયાચીન' નો એક ભાગ છે જે એક વર્ષથી ચાલી રહ્યું છે.
- આ અભિયાન હેઠળ જવાનો ૯૫૦૦૦ થી ૨૧,૦૦૦ ફુટની ઉંચાઇ સુધીના ક્ષેત્રમાં ફેલાયેલો કચરો હટાવી રહ્યાં છે.
- સિયાચીન દુનિયાનું સૌથી ઉંચાઇએ આવેલું યુદ્ધક્ષેત્ર છે.
- અહી તાપમાન માઇનસ ૪૦ સે. સુધી રહે છે.

19.September. 2017

**(૧) વાઇ.સી.મોદી –NIA ના વડા :**

- સીનિયર આઇપીએસ અધિકારી વાઇ.સી. મોદીને દેશની સર્વોચ્ચ તાપસ એજન્સી એનઆઇએ ના વડા બનાવવામાં આવ્યા છે.
- આગામી ૩૦ ઓક્ટોબરે એનઆઇએના વર્તમાન વડા શરદકુમાર નિવૃત થશે.
- ૧૯૮૪ના આસામ મેઘાલય બેચના મોદી ૩૧ મે ૨૦૨૧ સુધી પોતાનો પદભાર સંભાળશે.
- મોદી સુપ્રીમ કોર્ટની બનાવેલી વિશેષ તપાસ સમિતિના સભ્ય હતા.
- આ સીટે ૨૦૦૨ના ગુજરાત રમખાણની તપાસ કરી હતી.
- એનઆઇએ નેશનલ ઇન્વેસ્ટીગેશન એજન્સી

Vivekanand Academy Gandhinagar

– સ્થાપના : ૨૦૦૯
– હેડક્વાટ્ર : નવી દિલ્હી
– એનઆઇએ ગૃહમંત્રાલયના હેઠળ કાર્ય કરે છે.

(૨) સિંગાપોર ગ્રાં.પ્રિ એફ–૧ રેસ :
– સિંગાપોર ગ્રાન્ડ પી. ફોર્મ્યુલા કાર રેસિંગમાં મર્સિડિઝના ડ્રાઇવર લુઇસ હેમિલ્ટન ચેમ્પિયન બન્યો હતો.

(૩) એમી એવોર્ડ :
– તાજેતરમાં લોસ એન્જલસ ખાતે પ્રખ્યાત એમી એવોર્ડ યોજાયો.– આ વખતનો ક્રમ – ૬૯
– આ એવોર્ડ સમારોહમાં ભારતીય અભિનેત્રી પ્રીયંકા ચોપરા હાજર રહી હતી. મહત્વના એવોર્ડ વિજેતાઓ :

– આઉટસ્ટેન્ડિંગ લીડ એક્ટ્રેસ ઇન ડ્રામા સિરિઝ
 – એલિઝાબેથ મૌસ (ધ હૈંડમેડસ ટેલ્સ)
– આઉટ સ્ટેન્ડિંગ લીડ એક્ટર ઇન ડ્રામા સિરીઝ
 – સ્ટર્લિંગ કે બ્રાઉન (ધીસ ઇઝ અસ)
– આઉટસ્ટેન્ડિંગ લીડ એક્ટ્રેસ ઇન લિમિટેડ સિરિઝ એન્ડ મુવી
 – નિકોલ કિડમેન (બિગ લીટલ બાઇઝ
– આઉટસ્ટેન્ડિંગ લીડ એક્ટર ઇન લિમિટેડ સિરિઝ એન્ડ મૂવી – રિઝ અહેમદ (ધ નાઇટ ઓફ)

(૪) ગુગલ પેમેન્ટ એપ 'તેજ' :
– તાજેતરમાં ગુગલે નાણામંત્રી અરૂણ જેટલીની હાજરીમાં ઓનલાઇન પેમેન્ટ એપ 'તેજ' લોન્ચ કરી.
– આ એપથી યુઝર્સને યુપીઆઇ એડ્રેસ / મોબાઇલ કે એકાઉન્ટનો ઉપયોગ કરીને નાણાં ટ્રાન્સફર કરવાની સુવિધા મળશે.
– તેમાં માસીક ૫૦ હજાર રૂપિયાની લિમિટ છે.
– આ એપને બેંક એકાઉન્ટ સાથે લિંક કરવી પડશે.
– આ એપ એન્ડ્રોઇડ અને આઇઓએસ બંને પ્લેટફોર્મ માટે છે.
– 'તેજ' હિન્દી અને અંગ્રેજી સહિત ૮ ભાષાઓને સપોર્ટ કરે છે.

20.September. 2017

(૧) વોયજર –૧ : અવકાશયાન :
– ઇ.સ.૧૯૭૭માં અમેરિકાની સ્પેસ એજન્સી નાસાએ વોયજર–૧ અને વોયજર –૨ નામના બે યાન અવકાશમાં મોકલ્યા હતા.
– આ બંને અંતરિક્ષયાન અબજો કિલોમીટરનું અંતર કાપીને પૃથ્વીથી ઘણા દુર પહોંચી ગયા છે.
– વોયજર –૧ આપણા સૌરમંડળથી ૨૧ અબજ કિ.મી. દુર છે.
– જ્યારે વોયજર ૨ અન્ય દિશામાં ૧૭ અબજ કિ.મી. દુર પહોંચી ગયું છે.
– વોયજર મિશનથી છેલ્લા ૪૦ વર્ષ દરમિયાન ગુરૂ, શનિ, યુરેનસ, નેપ્ચ્યુન જેવા ગ્રહો અને તેમના ઉપગ્રહોની અનેક જાણકારી મળી છે.
– ગુરૂના એક ઉપગ્રહ પર વોલ્કિનો હોવાનું રહસ્ય વોયજરે ખોલ્યું હતું.
– વર્ષ ૧૯૮૬માં યુરેનસ ગ્રહ ગેસથી બનેલો છે અને તેને ૧૦ ઉપગ્રહ છે તે માહિતી વોયજર–૨ દ્વારા મળી હતી.
– આ બંને યાનમાં ગ્રામોફોન ફીટ કરવામાં આવ્યા છે જેથી પરગ્રહવાસીઓ મળે તો તેને પૃથ્વી પરની માનવસભ્યતાનો મેસેજ આપી શકાય.

(૨) અમરજીતસિંઘ : ફૂટબોલર :
– ભારતમાં આવતા મહિને ફિફા અંડર–૧૭ ફૂટબોલ વર્લ્ડકપ યોજાશે.
– આ વર્લ્ડકપ માટે ભારતની ફૂટબોલની ટીમ માટે અમરજીત સિંઘને કેપ્ટન બનાવાયા છે.
– જ્યારે જિતેન્દ્રસિંઘને વાઇસ કેપ્ટન બનાવાયા છે.
– કેપ્ટન અમરજીતસિંહનો જન્મ મણીપુર ખાતે થયો હતો.
– ભારતીય ટીમના કોચ : લુઇસ નોર્ટોન ડે મોયેસ.

(૩) શ્રીરામકૃષ્ણન :
– ભારતીય મૂળના સિલિકોન વેલીના શ્રીરામકૃષ્ણન ટિવટરમાં સિનિયર ડાયરેક્ટર તરીકે નિમાયા.
– શ્રીરામ આ પહેલા ફેસબુક અને સ્નેપસેટમાં પણ કામ કરી ચૂક્યા છે.

(૪) ગુજરાતમાં યોજાશે બીજ ફેસ્ટીવલ :
– ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા રાજ્યના ૧૬૦૦ કિ.મી.ના દરિયા કિનારે પ્રવાસીઓને આકર્ષવા બીચ ફેસ્ટીવલ યોજવામાં આવશે.
– આ બીચ ફેસ્ટીવલ ૧–૧૦–૧૭ થી ૩૧–૧૦–૧૭ એક માસ સુધી ચાલશે
– અગાઉ આ ફેસ્ટીવલ પાંચ દિવસ યોજાયો હતો.
– આ માટે સરકારશ્રી દ્વારા ૪ કરોડ રૂ.નો ખર્ચ થશે.
– માંડવી સહીત સાત બીચ પર આ ફેસ્ટીવલ યોજાશે.

(૫) મારિઆ વાવાઝોડું :
– કેરેબીયન ટાપુ પર ઇરમા બાદ હવે મારિઆ વાવાઝોડું તબાહી મચાવી રહ્યું છે.
– મારિઆ વાવાઝોડુંમાં કલાકે ૨૫૦ કિ.મી. ની ઝડપે પવન ફૂંકાય છે.

21.September. 2017

(૧) વર્લ્ડ અલ્ઝેઇમર ડે :

(૨) સ્ટાનિસ્લાવ પેટ્રોવ – રશિયન સૈનિક
– રશિયન સૈનિક સ્ટાનિસ્લાવ પેટ્રોવનું અવસાન.
– તેઓ આખા વિશ્વને બચાવનારા રશિયન સૈન્ય અધિકારી તરીકે ઓળખાતા હતા.
– શીતયુદ્ધ દરમિયાન અમેરિકા અને રશિયા વચ્ચે પરમાણુ યુદ્ધ ફાટી નીકળે એવી સ્થિતિ હતી.
– વર્ષ ૧૯૮૩માં પેટ્રોવ ન્યુક્લિયર એલર્ટ સેન્ટરમાં ફરજ પર હતા.
– એ વખતે કમ્પયુટરે ભૂલથી એલર્ટ આપી કે અમેરિકાની કેટલીક મિસાઇલો રશિયા તરફ આવી રહી છે.
– એ વખતે પેટ્રોવે ઉપલી અધિકારીને જાણ ના કરી અને કમ્પ્યુટર સિસ્ટમમાં ખરાબીની જાણ કરી.

Vivekanand Academy Gandhinagar

- જા તેમણે ઉપલી અધિકારીને જાણ કરી હોત તો કદાચ યુદ્ધ ફાટી નિકળ્યું હોત.
- તેમના પર 'ધ મેન હુ સેવ્ડ વર્લ્ડ' નામની ફિલ્મ પણ બની હતી.
- આ નિવડેલા અધિકારીનુંઅ અવસાન ૧૯ મે ના રોજ થયું હતું. જેની જાણ વિશ્વને સપ્ટેમ્બર, ૨૦૧૭ માં થઇ.

**(૩) મેક્સિકોમાં ભૂકંપ :**

- મેક્સિકો સીટીમાં ૭.૧ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો જેમાં ૨૫૦ લોકોથી વધારે માર્યા ગયા.
- ૧૨ દિવસ પહેલા પણ ભૂકંપ આવ્યો હતો. ત્યારે ૯૮ લોકોના મૃત્યુ થયા હતા.
- ભૂકંપના લીધે આખુ સીટી કાટમાળમાં ફેરવાયું હતું.

**(૪) મહેન્દ્રસિંહ ધોની :**

- ભારતીય ક્રિકેટ બોર્ડ ભૂતપૂર્વ સુકાની મહેન્દ્રસિંહ ધોનીનું નામ દેશના ત્રીજા સર્વોચ્ચ નાગરિક સન્માન પદ્મભૂષણ માટે નોમિનેટ કર્યું.
- આ નિર્ણય બોર્ડના સભ્યોના સર્વાનુમતે લેવાયો હતો.
- ધોની ભારતનો એકમાત્ર ખેલાડી છે જેના નેતૃત્વમાં ભારતે બે વર્લ્ડકપ જીત્યા.

  (૧) ૨૦૧૭ – ટી–૨૦ વર્લ્ડકપ(૨) ૨૦૧૧– વન–ડે વર્લ્ડકપ

  આ પુરસ્કાર મેળવશે તો તે આ સન્માન મેળવનાર ભારતનો ૧૧ મો ક્રિકેટર બનશે.

**(૫) એશિયન ઇન્ડોર અને માર્શલ આર્ટ્સ :**

- તુર્કમેનિસ્તાનના અશગાબત ખાતે એશિયન ઇન્ડોર અને માર્શલ આર્ટ્સનું આયોજન થયું હતું.
- ભારતની પીયુ ચિત્રા અને જી લક્ષ્મણને આ ચેમ્પિયનશીપમાં ગોલ્ડમેડલ જીત્યા.
- એશિયન ચેમ્પિયન લક્ષ્મણને પુરૂષ ૩૦૦૦ મીટર (દૈડ) અને ચિત્રાએ ૧૫૦૦ મીટર રેસ જીતી હતી. આ પહેલા ભારતની પૂર્ણિમા હેમબ્રામે મહિલા પેંટલાથોનમાં ગોલ્ડ જીત્યો હતો.

22.September. 2017

**(૧) કુલદિપ યાદવ : ભારતીય ક્રિકેટર :**

- ચાઇનામેન બોલર કુલદીપ યાદવે ઓસ્ટ્રેલિયા સામની બીજી વનડેમાં હેટ્રીક ઝડપી ઇતિહાસ સર્જ્યો ?
- કુલદિપ યાદવ ભારત તરફથી હેટ્રીક ઝડપનાર ત્રીજો બોલર બન્યો છે.
- આ પહેલા ચેતન શર્મા ૩૧ ઓક્ટોબર ૧૯૮૭ ન્યૂઝિલેન્ડ સામે અને કપિલ દેવે ૪ જાન્યુઆર ૧૯૯૧માં શ્રીલંકા વિરૂદ્ધ હેટ્રીક ઝડપી હતી.
- આમ ૨૬ વર્ષ બાદ કોઇ ભારતીય ખેલાડીએ હેટ્રીક નોંધાવી.
- ઓવર ઓલ વિશ્વમાં આ ૪૩મી હેટ્રીક હતી.
- વનડે ક્રિકેટમાં મલિંગાએ સૌથી વધુ ત્રણ વખત હેટ્રીક ઝડપી છે.

**(૨) ભારતને ફ્રાન્સ પાસેથી ૧૨૦૦૦ હોર્સપાવરનું એન્જિન મળ્યું :–** ભારતે હાઇ હોર્સપાવર લોકોમોટીવ મેળવવા ફ્રાન્સ સાથે કરાર કર્યા.

- કોલકત્તાના બંદરે પ્રથમ જ પ્રકારના આલસ્ટોમ ફ્રાન્સ તરફથી ૧૨૦૦૦ હોર્સપાવરનું લોકો આવી પહોંચ્યું હતું.
- આલસ્ટોમ જે એન્જીનને ભારતને મોકલ્યુ હતે ટ્વીન ઇલેક્ટ્રીક લોકોમોટીવ હલ્દીયા ખાતે ઉતારવામાં આવ્યું હતું.
- હવે તેમને એસેમ્બલ કરવા માટે માધેપુરા ખાતેની ફેક્ટરીમાં મોકલી અપાશે.
- નવેમ્બર, ૨૦૧૫માં થયેલા કરાર મુજબ આગામી ૧૧ વર્ષોમાં આવા ૮૦૦ ટ્રેન એન્જિનનું ઉત્પાદન કરવામાં આવશે.
- રેલક્ષેત્રે આ પ્રથમ મોટું સિંધુ વિદેશી રોકાણ છે.

**(૩) શકિલા – અભિનેત્રી :**

- બોલીવુડ અભિનેત્રી શકીલાનું હાર્ટ એટેકને કારણે નિધન
- ૧૯૫૪ માં આવેલી ગુરૂદત્તની ફિલ્મ આર–પાર ના 'બાબુજી ધીરે ચલના પ્યાર મે ઝરા સંભલના' ગીતથી તેને પ્રસિદ્ધ મળી હતી.

**(૪) શારીરિક પજવણીની ફરિયાદ બાળકો ઓનલાઇન નોંધાવી શકશે :**

- રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા પોક્સો એક્ટ, ૨૦૧૨ હેઠળ પોક્સો ઇ બોક્સ (પ્રોટક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ એક્સ્યુઅલ અફેર્સ) શરૂ કર્યું છે.
- જેની હેઠળ બાળકો પોતાની સાથે થયેલી શારીરિક, માનસિક કે સાયબર ક્રાઇમને લગતી ફરીયાદ ઓનલાઇન નોંધાવી શકશે.
- બાળકો પોતાની ફરીયાદની કેટેગરી સમજી શકે તેના માટે ૬ ઇમેજ બનાવીને પોર્ટલ પર અપલોડ કરવામાં આવી છે.
- જેમાં કોઇ એક ચિત્ર પર ક્લિક કરી બાળક પોતાની ફરીયાદ નોંધાવી શકશે.
- બાળક પોતાનું નામ, મોબાઇલ નંબર કે ઇમેઇલ અને વિવરણ દ્વારા ફરીયાદ નોંધાવી શકે છે.
- આ સુવિધા રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગની વેબસાઇટ ઉપર ઉલબ્ધ છે.

  www.ncpcr.gov.in
- ગુજરાત બાળ આયોગ અધ્યક્ષ : જાગૃતિબેન પંડ્યા

23.September. 2017

**(૧) વડાપ્રધાન નરેન્દ્ર મોદી વારણસીની બે દિવસ મુલાકાતે :**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના મતવિસ્તાર વારણસીના ૨ દિવસીય મુલાકાતે ગયા.
- ત્યાં તેમને ૧૦૦૦ કરોડથી વધુની યોજનાઓનો શિલાન્યાસ કર્યો.
- પંડિત દિનદયાળ હસ્તકલા સંકુલ :

  – રૂા. ૩૦૫ કરોડના ખર્ચે બનેલ પંડિત દિનદયાળ હસ્તકલા સંકુલનું ઉદ્ઘાટન કર્યું.

  – વારણસી તથા આસપાસના ૬૦ હજાર વણકરોને આ સેન્ટરનો લાભ મળશે.

  – આ સેન્ટર ૪૩,૪૪૫ સ્કવેર મીટરમાં બનાવાયેલું છે.

**(૧) મહામના એક્સપ્રેસ :**

- વારાણસી અને ગુજરાતના વડોદરાને જોડતી મહામના એક્સપ્રેસને વડાપ્રધાનશ્રીએ વીડિયો લિન્કથી લીલી ઝંડી આપી.– આ બંને શહેર તેમના મતવિસ્તાર છે.

**(૨) મહાસંકલ્પ શતાબ્દી દિન :**

- ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરે તા. ૨૩/૯/૧૯ના રોજ સયાજીબાગ, વડોદરા ખાતે સમાજના નબળા વર્ગોના ઉત્કર્ષ માટે સંકલ્પ લીધો હતો.
- એ સંકલ્પને આજે ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં સરકાર દ્વારા મહાસંકલ્પ શતાબ્દિ દિનની ઉજવણી કરવામાં આવી.
- આ પ્રસંગે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે વડોદરા લેપ્રસી હોસ્પિટલ કમ્પાઉન્ડ ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકર સંકલ્પ ભૂમિ સ્મારકનું ભૂમિપૂજન કરવામાં આવ્યું.
- આ સમારોહમાં હાજર રહેલ મહાનુભાવો :

(૧) શ્રી આત્મારામ પરમાર

– મંત્રી, સામાજિક ન્યાય અને અધિકારિકતા મહિલા અને બાળકલ્યાણ

(૨) શ્રી રમણલાલ વોરા – અધ્યક્ષ ગુજરાત વિધાનસભા

(3) શ્રી ગણપત વસાવા– મંત્રી આદિજાતી વિકાસ, પ્રવાસન વન

(૪) નીતિન પટેલ – નાયબ મુખ્યમંત્રી

**(3) પ્રધાનમંત્રી એલપીજી પંચાયત :**

- ૨૩ સપ્ટેમ્બરના રોજ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પ્રધાનમંત્રી એલપીજી પંચાયતનો ગાંધીનગરના ઇસાનપુર મોટા ખાતે શુભારંભ કર્યો.
- છેવાડાના ગામડા સુધી સ્વચ્છ પરિવર્તનનો આરંભ કરાવતી આ યોજનાનું સુત્ર : કંઇક શિખો, કંઇક શિખવાડો.
- જેમાં એલપીજી થી થતાં ફાયદાથી ગ્રામજનોને માહિતગાર કરાય છે.
- પ્રધાનમંત્રી એલપીજી પંચાયતના મુખ્ય મુદ્દા :
- સ્વાસ્થય : ઘરમાં ધુમાળા રહિત ખાવાનું બનાવવાની સુવિધા.
- પર્યાવરણ : ઓછા વાયુપ્રદુષણ સાથે વન અને સૂ–સંરક્ષણ
- આર્થિક વિકાસ : સસ્તા ઇંધણના કારણે વધુ આવકનો અવસર. – સુરક્ષા અને કુશળતા : સુરક્ષિત, ત્વરિત અને ભરોસાપાત્ર.
- સક્ષમીકરણ : જીવન સ્તરમાં સુધાર.

24.September. 2017

**(૧) વિજય બલ્લા**

- ભારતીય ક્રિકેટ ટીમ ૧૯૭૧માં અજીત વાડેકરની કેપ્ટન્સી હેઠળ વેસ્ટઇન્ડિઝ અને ઇંગ્લેન્ડ પ્રવાસમાં વિજયી દેખાવ કર્યો હતો.
- તે સમયે વેસ્ટઇન્ડિઝનો દબદબો હતો.
- એ સમયે પાંચ ટેસ્ટમેચની સિરિઝમાં ભારત ૧–૦ થી જીત્યુ હતું જેમાં ગાવસ્કરે ૭૭૪ રન કર્યા હાતા.
- ભારતની આ ઐતિહાસિક સફળતાની યાદમાં ઇન્દોર ખાતે વિરાટ બેટ બનાવવામાં આવ્યું છે. જે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે.
- આ બેટને ‘વિજય બલ્લા’ તરીકે ઓળખવામાં આવે છે. જેમાં વિન્ડિઝ ઇંગ્લેન્ડની શ્રેણીમાં રમનારા તમામ ભારતીય ક્રિકેટરના નામ લખવામાં આવ્યા છે.
- તેનું ઉદ્‌ઘાટન ૨૦૦૯માં ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન અજીત, વાડેકરની હસ્તે કરવામાં આવ્યું હતું.

**(૨) વિદેશ પ્રધાન સુષમા સ્વરાજનું સંયુક્ત રાષ્ટ્રમાં ભાષણ :**

- વિદેશ પ્રધાન સુષમા સ્વરાજે સતત ત્રીજા વર્ષ સંયુક્ત રાષ્ટ્રની મહાસભામાં હિન્દીમાં ભાષણ કર્યું.
- સંયુક્ત રાષ્ટ્રનું આ ૭૨મું એસેમ્બલી સેશન હતું.
- પોતાના ૨૨ મિનિટના ભાષણમાં તેમણે ૧૦ મિનિટ આતંકવાદના મુદ્દે વાત કરી હતી. જેમાં ૬ મિનિટ નામ લઇને પાકિસ્તાન પર શાબ્દિક પ્રહારો કર્યા હતા.
- તેમણે વ્યક્તવ્યની શરૂઆત નમસ્તે કહીને કરી હતી.
- ભાષણના અંતમાં તેમણે ‘સર્વ ભવંતુ સુખીન : સર્વે સંતુ નિરામયા, સર્વે ભદ્રાણી પશ્યંતુ... શ્લોકનું પઠન કર્યું હતું.

**(3) અરવિંદ સુબ્રમણ્યમ :**

- કેન્દ્ર સરકારના મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમને ૧ વર્ષનું એક્સેન્શન મળ્યું.
- સુબ્રમણ્યમ નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા બાદ ૧૬ ઓક્ટોબર, ૨૦૧૪ થી દેશના મુખ્ય આર્થિક સલાહકાર બનાવાયા હતા.
- તેમનો ત્રણ વર્ષનો વર્તમાન કાર્યકાળ ૧૬ ઓક્ટોબર પૂરો થતાં તેમને ૧ વર્ષનું એક્સેન્શન મળ્યું છે.

**(૪) ‘ન્યૂટન’ : ફિલ્મ :**

- ભારત વતી આ વર્ષ અભિનેતા રાજકુમાર રાવ અભિનીત ફિલ્મ ન્યૂટન ઓસ્કાર માટે નોમિનેટ થઇ છે.
- આ પહેલી એવી ફિલ્મ છે જેને કેન્દ્ર સરકારે રૂા ૧ કરોડ આપવાની જાહેરાત કરી છે.
- આ ફિલ્મ એક રાજનૈતિક વ્યંગ છે. જેની સ્ટોરી એક સાચા ઇલેક્શન ઓફિસરની આસપાસ ફરે છે.

25.September. 2017

**૧ મન કી બાત – ૩ વર્ષ પૂર્ણ :**

- મન કી બાત કાર્યક્રમને ૩ વર્ષ પુરા થયા.,
- આ કાર્યક્રમ અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદી રેડીયો દ્વારા દર મહિનાના છેલ્લા રવિવારે ભારતની જનતાને સંબોધે છે.
- સપ્ટેમ્બર–૨૦૧૭માં તેની ૩૬મી આવૃતી હતી.
- મહત્વના અંશો :

– નવરાત્રી અવસરે દેશવાસીઓને શુભેચ્છા

– પ્રવાસનના સાત સ્થળોનો પ્રવાસ કરી ટુરિઝમને પ્રોત્સાહન આપો.

Vivekanand Academy Gandhinagar

– ખાદી કાપડ નહીં પરંતુ ચળવળ છે તેને આગળા વધારો.

– કાશ્મીરી યુવક બિલાલ દારને વડાપ્રધાને સ્વચ્છતા અભિયાન ચલાવવા અભિનંદ આપ્યા હતા.

– બિલાલ દારે દાલ સરોવરમાંથી ૧૨૦૦૦ કિલો કચરો કાઢી સ્વચ્છતા અભિયાનમાં પોતાનું યોગદાન આપ્યું.

– શ્રીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બિલાલને સ્વચ્છતાનો બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યો છે.

**(૨) દેશની પ્રથમ ઇલેક્ટ્રીક બસ :**

– હિમાચલ પ્રદેશમાં દેશની પ્રથમ ઇલેક્ટ્રીક બસ લોન્ચ થઇ ગઇ છે.
– ગોલ્ડસ્ટોન ઇન્ફ્રાટેક લિમિટેડની આ બસનો પબ્લિક ટ્રાન્સપોર્ટ માટે ઉપયોગ થશે.
– આ બસ કુલ્લુ–મનાલી – રોહતાંગ પાસના માર્ગ પર ચાલે છે.

**(૩) સૌરાષ્ટ્ર યુનિ. – સુવર્ણજયંતિ વર્ષ :**

– સૌરાષ્ટ્ર યુનિ.એ. સુવર્ણજયંતિ વર્ષના અનુસંધાને વિદ્યાર્થીઓને મફત થેલેસેમિયા ટેસ્ટ કરી આપવાનો નિર્ણય કર્યો.
– ૨૨૫ કોલેજોમાં પ્રવેશ મેળવનાર ૫૦ હજાર વિદ્યાર્થીઓનો મફત ટેસ્ટ થશે.
– વર્ષ ૨૦૦૧ થી સૌરાષ્ટ્ર યુનિ. સંલગ્ન કોલેજોમાં થેલેસેમિયા ટેસ્ટ ફરજીયાતપણે કરાવવાની શરૂઆત કરવામાં આવી હતી.
– પરંતુ તેના ખર્ચ વિદ્યાર્થીઓએ જ ચૂકવવાનો રહેતો
– આ વર્ષ તમામ ખર્ચ સૌરાષ્ટ્ર યુનિ. ઉઠાવશે.

## 26.September. 2017

**૧ પ્રધાનમંત્રી સહજ બિજલી હર ઘર યોજના :**

– વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૫ સપ્ટેમ્બરના રોજ દિલ્હી ખાતે પ્રધાનમંત્રી સહજ બિજલી હર ઘર યોજનાની જાહેરાત કરી.
– પં. દિનદયાળ ઉપાધ્યાયની જન્મ શતાબ્દીના પાવન અવસર પર આ સૌભાગ્ય યોજના તથા ઓએનજીસી હેડક્વાટરે દિનદયાળ ઉર્જા ભવનનું લોકાર્પણ કર્યું.
– આ યોજનાથી ૩૧ માર્ચ ૨૦૧૯ સુધીમાં દેશના તમામ ઘરોમાં વિજળી પહોંચાડાશે.
– પહેલા ફક્ત બીપીએલ પરિવારોને મફત વિજળી જોડાણ આપવાની યોજના હતી. પરંતુ હવે તેમાં એપીએલ પરિવારોને પણ સાંકળી લેવાયા છે.
– ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે નોંધાયેલા એપીએલ પરિવારોને વીજળીનું મફત જોડાણ અપાશે.
– તેમની પાસેથી ફક્ત રૂપિયા ૫૦૦ લેવામાં આવશે જે વીજળી બિલમાં ૧૦ હપ્તામાં વસુલાશે.
– આ યોજનામાં આશરે ૧૬૩૨૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે.

**(૨) રાજીવ મહર્ષિ : CAG**

– પૂર્વ કેન્દ્રીય ગૃહ સચિવ રાજીવ મહર્ષિ દેશના નવા કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (CAG) બન્યા.
– રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ તેમને પદ તથા ગોપનીયતાના શપથ લેવડાવ્યા હતા.
– મહર્ષિ શશીકાન્ત શર્માનું સ્થાન લેશે.
– રાજીવ મહર્ષિ ૧૯૭૮ બેચના રાજસ્થાન કેડરના IAS અધિકારી છે.
– CAG નો કાર્યકાળ ૬ વર્ષ અથવા ૬૫ વર્ષની વય સૂધીનો હોય છે.

**(૩) આર્થિક સલાહકાર સમિતિ :**

– વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આર્થિક સલાહકાર પરિષદની રચના કરી છે.
– આ પરિષદના અધ્યક્ષ વિવેદ દેબરોય છે જેઓ નીતિપંચના સભ્ય છે.
– નીતિપંચના મુખ્ય સલાહકાર રતન પટેલ તેના સભ્યસચિવ હશે.
– ડૉ. સુરજિત ભલ્લા, ડૉ.રથિન રોય તેના અલ્પકાળ તથા ડૉ. આશિકા ગોયલ તેના પૂર્ણકાળના સભ્ય હશે.

**(૪) ઇમાન અહેમદ – વિશ્વની સૌથી સ્થૂળ મહિલા :**

– વિશ્વની સૌથી સ્થૂળ મહિલા ઇમાન અહેમદનું આબુધાબી ખાતે અવસાન.– તેનું વજન ૫૦૦ કિલો હતું.

**(૫) લેવર કપ : ટેનિસ :**

– ટેનિસ જગતની આ લેવર કપ ટૂર્નામેન્ટદ આ વર્ષ પ્રથમ વખત યોજાઇ.
– ૨૧ થી ૨૩ સપ્ટેમ્બર દરમિયાન ચેક રિપબ્લીકન ખાતે આયોજન.
– લેવર કપ રોજર ફેડરરનો વિચાર વછે.
– રોજર ફેડરર અને નડાલ સહિતની યુરોપની ટીમ અને વર્લ્ડ ટીમના ખેલાડીઓ વચ્ચે આ ટૂર્નામેન્ટ યોજાઇ હતી.
– આ ટૂર્નામેન્ટમાં ફાઇનલમાં ફેડરરે કિર્ગીયોસન હરાવતાં યુરોપીય ટીમ ચેમ્પિયન બની હતી.
– લેવર કપમાં ખેલાયેલા ૧૨ ટેનિસ મુકાબલામાંથી ૮ યુરોપ અને ચારમાં વર્લ્ડ ટીમ વિજેતા બની હતી.
– આવતા વર્ષે પણ ૨૧–૨૩ સપ્ટેમ્બર દરમિયાન શિકાગોમાં લેવર કપ યોજાશે.

## 27.September. 2017

**૧ વિશ્વ પ્રવાસન દિવસ :**

– દર વર્ષે વિશ્વમાં ૨૭ સપ્ટેમ્બરના રોજ વિશ્વ પ્રવાસન દિવસ મનાવાય છે.
– આ વર્ષની થીમ : સસ્ટેનેબલ ટુરીઝમ અ ટુલ ફોર ડેવલપમેન્ટ
– ગુજરાત સરકાર દ્વારા પ્રવાસન વિભાગને આગળ લાવવા કરાયેલ પ્રયત્નો અને સિદ્ધિઓ
– રોકાણકારો અને પ્રવાસીઓ માટે આકર્ષક ૨૦૧૫–૨૦ પ્રવાસન નીતિ
– પ્રવાસન ઉદ્યોગના વિકાસ માટે તેને ઉદ્યોગનો દરજ્જો
– રૂા. ૧૦૦૦૦ કરોડ મૂલ્યના ૨૩૦ ઉપરાંતના પ્રોજેક્ટ્સની નોંધણી
– ૭૫૦૦ થી વધુ નવી રોજગારીનું સર્જન
– અમદાવાદ ભારતનું પ્રથમ હેરિટેજ સિટી બન્યુ.

Vivekanand Academy Gandhinagar

- સ્ટેટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હોટલ મેનેજમેન્ટની સ્થાપના
- યાત્રાધામો ખાતે ઉચ્ચકક્ષાની સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગત આવરી લેવાયેલા ૮ યાત્રાધામો :
  અંબાજી, પાવાગઢ, ડાકોર, પાલીતાણા, દ્વારકા, સોમનાથ, જૂનાગઢ, શામળાજી
- સોમનાથ ખાતે ભવ્ય લાઇટ અને સાઉન્ડ શોનો પ્રારંભ
- નડાબેટ ખાતે દેશભક્તિને ઉત્તેજન આપતો 'સીમાદર્શન' (બોર્ડર ટુરીઝમ) કાર્યક્રમ
- કૈલાસ માનસરોવર – ૨૦૧૫–૧૬માં યાત્રાએ ગયેલ યાત્રિકોને સહાય.
- ચાલુ વર્ષે 'સિંધુ દર્શન' યોજનાનો પ્રારંભ.
- શ્રવણાતિર્થ યોજના હેઠળ ૨૬૦૦૦ હજારથી વધુ યાત્રાળુઓએ લાભ લીધો.

**(૨) મોસ્ટપાવરફુલ વુમન – ફોર્ચ્યુન :**

- પ્રખ્યાત મેગેઝીન ફોર્ચ્યુન દ્વારા તાજેતરમાં મોસ્ટ પાવરફુલ વુમનની યાદી બહાર પડાઇ.
- આ યાદીમાં બે ભારતીય મહિલાને સ્થાન મળ્યું.
- જેમાં આઇસીસીઆઇ બેંકના મેનેજીંગ ડીરેક્ટર અને સીઇઓ ચંદા કોચર પાંચમાં સ્થાને તથા એક્સિસ બેંકના સીઇઓ શિખા શર્મા ૨૧ માં સ્થાને છે.
- યુ.એસ. મોસ્ટ પાવરફુલની યાદીમાં પેપ્સીકોના ચેરમેન અને સીઇઓ ઇદ્રા નુઇ બીજા સ્થાન પર છે.

**(૩) મિલ્ખાસિંહ – તુસાદ મ્યુઝિયમ :**

- ઉડતા શિખ તરીકે પ્રખ્યાત મિલ્ખાસિંહનું મીણનું પુતળું દિલ્હી ખાતેના મેડમ તુસાદ મ્યુઝિયમમાં મુકવામાં આવ્યું.

**(૪) હુરન ઇન્ડિયા રીચ લીસ્ટ – ૨૦૧૭ :**

- તાજેતરમાં હુરનના સર્વે મુજબ વર્ષ ૨૦૧૭માં ઇન્ડિયાના ટોંચના દશ અબજોપતિઓની યાદી બહાર પડાઇ.
- આ યાદીમાં સતત છઠ્ઠા વર્ષ મુકેશ અંબાણી ટોંચના સ્થાને છે.
- મુકેશ અંબાણીની સંપતિમાં આ વર્ષ ૫૮% જેટલો વધારો નોંધાયો છે.
- આ વર્ષે તેમની સંપતિ ૨.૫૭ ટ્રિલિયન રહી છે.
- હાલમાં મુકેશ અંબાણીની સંપતિ યમનના જીડીપી કરતાં ૫૦% વધારે છે.
- આ યાદીમાં પતંજલીના સીઇઓ બાલકૃષ્ણનો પણ સમાવેશ થયો છે.
- મીડિયાડોટ્નેટનો દિવ્યાંક તુરખિયા સૌથી નાની વયનો (૩૪ વર્ષ અબજપતિ બન્યો છે.

## 28.September. 2017

**૧ બિન અનામત વર્ગ માટે આયોગ તથા નિગમની રચના :**

- ગુજરાત સરકારે બિન અનામત વર્ગને શૈક્ષણીક અને આર્થિક રીતે મદદરૂપ થવા આયોગ અને નિગમની રચના કરશે.
- નાયબમુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલની અધ્યક્ષતાવાળી મંત્રીશ્રીઓની કમિટીની બેઠકમાં આ અગત્યનો નિર્ણય લેવાયો.
- બિન અનામત વર્ગના વિવિધ પ્રશ્નો અંગે જરૂરિયાત પ્રમાણે સરકારીશ્રીને ભલામણ કરશે.
- રાજ્ય સરકારની સત્તામાં આવતા આંદોલનકારીઓ ઉપરના પોલીસ કેસ પાછા ખેંચાશે.
- પાટીદાર આંદોલનમાં પોલીસ દમનની ઘટના સંદર્ભે હાઇકોર્ટના નિવૃત્ત જજના વડપણ હેઠળ તપાસ કરાશે તથા તપાસ રિપોર્ટના આધારે દોષિતો સામે પગલા લેવાશે.
- બિન અનામત વર્ગ માટે શિક્ષણ, વ્યવસાય, ખેતી પશુપાલન સહિત સ્વરોજગારી માટે લોન અને જરૂરી સહાય અપાશે.

**(૨) કેન્દ્રીય તબીબોની નિવૃત્તી વય ૬૫ થઇ.**

- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મળેલી પ્રધાનમંડળની બેઠકમાં કેન્દ્રીય તબીબોની નિવૃત્તી વય ૬૫ વર્ષ કરાઇ.
- અગાઉ કેન્દ્રીય તબીબોની સેવા નિવૃત્તિ વયમર્યાદા ૬૩ વર્ષ હતી.
- આયુષ મંત્રાલય હસ્તકના આયુષ તબીબ સંરક્ષણ વિભાગ હસ્તકના સિવિલિયન તબીબ ઉચ્ચ શિક્ષણ વિભાગ અંતર્ગત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલય અને આઇઆઇટીમાં કાર્યરત તબીબો તેમજ વહીવટીતંત્રને હસ્તક તબીબો હવે ૬૫ વર્ષ નિવૃત્ત થશે.
- કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ પ્રધાન : જે.પી. નડ્ડા

## 29.September. 2017

**૧ વર્લ્ડ હાર્ટ ડે :**

**૨ દુલીપ ટ્રોફી : ક્રિકેટ :**

- ટેસ્ટ ફોર્મેટમાં રમાતી ક્રિકેટ ટૂર્નામેન્ટ :
- વિજેતા : ઇન્ડિયા રેડ– રનર્સ અપ : ઇન્ડિયા બ્લૂ
- ઇન્ડિયા રેડ કેપ્ટન દિનેશ કાર્તિક–ઈન્ડિયા બ્લૂ કેપ્ટન : સુરેશ રૈના

**(૩) ડૉ. બળવંત જાની :**

- સાહિત્યકાર વિવેચક ડૉ. બળવંત જાનીને મધ્યપ્રદેશની સાગર યુનિવર્સિટીના કુલાધિપતિપદે નિયુક્ત કરાયા છે.
- તેમની નિયુક્તી ૫ વર્ષ માટે રહેશે.
- મધ્યપ્રદેશની ડૉ. હરિસિંહ ગૌર મહાવિશ્વવિદ્યાલય (સાગર યુનિ.) ના કુલાધિપતિની નિયુક્તિ સીધી રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.
- ડૉ. બળવંત જાની સૌરાષ્ટ્ર યુનિ. ભાષા સાહિત્ય ભવનના ભૂતપૂર્વ વડા છે.

**(૪) દેશની ૭૦૦ ટ્રેન ૧૦૦ કિ.મી. ની ઝડપે દોડશે :**

- રેલવે મંત્રી પિયુષ ગોયલે જાહેરાત કરી કે ૧ નવેમ્બરથી ૭૦૦ ટ્રેન ૧૦૦ કિ.મીની ઝડપે દોડશે.
- ૪૮ ટ્રેનને સુપરફાસ્ટ કેટેગરીમાં સામેલ કરાશે.
- અત્યારે પ્રવાસી ટ્રેનોની સરેરાશ ઝડપ ૮૦–૯૦ કિ.મી. છે. જે ૧૦૦ થી વધુ થશે.
- આ ઉપરાંત ફ્લેક્સી ફેયર સિસ્ટમની સમીક્ષા કરાશે. તેના પગલે પ્રવાસી ભાડામાં ઘટાડો થઇ શકે છે.
- રેલવે મંત્રી પીયુષ ગોયલની અન્ય મહત્વની જાહેરાત :
- ૪૦૦ રેલવે સ્ટેશનો પર વાઇફાઇની સુવિધા
- જૂના કોચ હટાવી એલબીએચ કોચ ખરીદાશે.
- ઇસરો સાથે મળી રેલવે પ્રવાસને સ્પેસ ટેકનોલોજીની મદદથી સરળ બનાવાશે.

Vivekanand Academy Gandhinagar

- અલ્ટ્રાસોનિક બ્લો ક્રિટેક્શન સિસ્ટમ દ્વારા ટ્રેક પર ચાંપતી નજર
- પ્રવાસી સેવાઓમાં સુધારા માટે મોબાઇલ એપ્સ
- રેલવેના ગેંગમેનને બેઝીક કીટ અપાશે.

**(૫) મિતાલી રાજ– ભારતીય મહિલા ક્રિકેટર :**

- ભારતીય મહિલા ક્રિકેટ ટીમની સુકાની મિતાલી રાજને બીબીસીની ૧૦૦ સૌથી પ્રભાવશાળી મહિલાઓની યાદીમાં સામેલ કરી છે.
- આ યાદીમાં સ્પોર્ટ્સ, બિઝનેસ, એન્જીનિયર વગેરે ક્ષેત્રોની મહિલાઓ સામેલ છે.
- મિતાલી ૧૮ વર્ષથી ક્રિકેટ રમે છે.
- તેણે બે વખત (૨૦૦૫, ૨૦૧૭) વર્લ્ડકપની ફાઇનલમાં ભારતને પહોંચાડવામાં મહત્વની ભૂમિકા નિભાવી હતી.
- તે વન–ડે માં સૌથી વધારે રન બનાવનાર મહિલા ક્રિકેટર છે.

**(૬) જૂનાગઢમાં નોબલ આયુર્વેદ અને હોમિયોપેથી કોલેજનો પ્રારંભ :**

- ભારત સરકારના આયુષ મંત્રાલય સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયન મેડિસીન અને ગુજરાત આયુર્વેદ યુનિ. દ્વારા જૂનાગઢમાં નોબેલ આયુર્વેદ કોલેજને માન્યતા
- આ ઇન્સ્ટિટ્યૂટમાં વિદ્યાર્થીઓને ઉત્તમ પ્રકારના શિક્ષણ અને પ્રત્યક્ષ અનુભવ મળે તે માટે ૬૦ બેડની અદ્યતન હોસ્પિટલ તૈયાર કરવામાં આવી છે.
- આયુર્વેદ ઔષધિ ધરાવતું વિશાળ હર્બલ ગાર્ડન પણ બનાવવામાં આવ્યું છે.
- ૬૦ વિદ્યાર્થીઓને ચાલુ વર્ષ પ્રવેશ મળશે.
- નોબલ હોમિયોપેથી કોલેજ :
- ભારત સરકારના આયુષ મંત્રાલય સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ હોમિયોપેથી અને ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા નોબલ હોમિયોપેથીક કોલેજ એન્ડ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટને માન્યતા
- આ ઈન્સ્ટિટ્યૂટમાં પ્રત્યક્ષ તાલીમ મળે તે માટે ૨૫ બેડની અદ્યતન હોસ્પિટલ તૈયાર કરવામાં આવી છે.
- આ વર્ષે ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ મળશે.
- આ ઉપરાંત અનુભવી અને તજજ્ઞ પ્રોફેસરો દ્વારા શિક્ષણ આપવામાં આવશે.
- બંને કોલેજો માટે ૪૫૦ બેઠક ધરાવતાં ઓડિટોરીયમ સીસીટીવી કેમેરાથી સુરક્ષીત વિશાળ કેમ્પસ.
- વાઇફાઇ, એટીએમ તથા ભાઇઓ – બહેનો માટે હોસ્ટેલની સુવિધા કરવામાં આવશે.
- આ આયુર્વેદ તથા હોમિયોપેથીક કોલેજનું સંચાલન ૧૦ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા ‘નોબલ ગ્રુપ ઓફ ઇન્સ્ટિટ્યુશન દ્વારા કરવામાં આવી રહ્યું છે.
- તથા ૭૦૦૦ પુસ્તકોથી સમૃદ્ધ લાયબ્રેરીની સુવિધા પણ હશે.

**(૭) હ્યુ હેફનર :**

- વિશ્વ વિખ્યાત ‘પ્લે બોય’ મેગેઝીનના સ્થાપક હ્યુ હેફનરનું લોસ એન્જલસ ખાતે ૨૮ સપ્ટેમ્બરના રોજ ૯૧ વર્ષની વયે અવસાન.
- જન્મ : ૯ એપ્રિલ, ૧૯૨૬ શીકાગો
- ૧૯૫૨માં ૬૦૦ ડોલર બેંકમાંથી લોન લઇ મેગેઝીનની શરૂઆત કરી.
- પ્લેબોયના પ્રથમ અંકના કવર પર હોલિવુડના જાણીતા મોડલ મેરેલિન મનરોની તસવીર છપાઇ હતી.
- હેફનરનું ઘર પ્લેબોય મેન્શન જે ૨૦૧૬માં ૧૦૦ મિલિયન ડોલરમાં વેચાયું.

## 30.September. 2017

**(૧) એલ્ફિન્સ્ટન રેલવે સ્ટેશન :**

- પશ્ચિમ રેલવેના એલ્ફિન્સ્ટન રેલવે સ્ટેશન પર ઓવરબ્રિજ પર બ્રિજ તુટી પડ્યો અને શોર્ટસર્કિટ થઇ હોવાની અફવાને કારણ નાસભાગ મચી હતી.
- આ નાસભાગમાં ૨૨ ના મોત નિપજ્યા હતા.
- મુંબઇ સેન્ટ્રલ રેલવેના પરેલ અને પશ્ચિમ રેલવેના એલ્ફિસ્ટન રેલવેને જોડતો આ ઓવરબ્રિજ ૧૫૦ વર્ષ જૂનો છે. બ્રિજની લંબાઇ ૩૨ મીટર, પહોળાઇ ૫ મીટર
- રાજ્ય સરકાર તેમજ રેલવે દ્વારા મૃતકના પરિવાર માટે પાંચ–પાંચ લાખ રૂપિયા અને ગંભીર ઇજા પામેલાઓની સારવાર માટે એક લાખ રૂપિયા તેમજ નજીવી ઇજા પામેલાને ૫૦ હજાર રૂપિયાનું વળતર આપવામાં આવશે.

**(૨) નેશનલ આયુર્વેદ સમિટ : ૨૦૧૭**

- મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે નેશનલ આયુર્વેદ સમિટ – ૨૦૧૭નું આયોજન થયું.
- મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા આરોગ્યમંત્રી શંકરભાઇ ચૌધરી હાજર રહ્યા હતા.
- આ ઉપરાંત સ્ટેટ મોડલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ સાયંસીસ કોલવડા, ગાંધીનગરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.
- આ સમિટનું આયોજન રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા કરવામાં આવ્યું

**(૩) ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ બુદ્ધિસ્ટ હેરિટેજ ઇન ગુજરાત :**

- ૧૭ થી ૨૩ સપ્ટેમ્બર દરમિયાન બીજી ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ બુદ્ધિસ્ટ હેરિટેજ ગુજરાતમાં યોજાઇ.
- આ કોન્ફરન્સ દરમિયાન વિવિધ દેશ તથા રાજ્યમાંથી બૌદ્ધ ધર્મના મહાનુભાવો હાજર રહ્યા હતા.
- જેમાં ૨૦ મી સપ્ટેમ્બરે રાજકોટ અને ૨૧મી સપ્ટેમ્બરે જૂનાગઢ ખાતે સભા યોજાઇ હતી.

**(૪) NSS સેલ નેશનલ એવોર્ડ :**

- દેશમાં યુવાનોને સામાજિક પ્રવૃત્તી તરફ વાળવાના હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલી નેશનલ સર્વિસ સ્કિમ (NSS)
- આ અંતર્ગત દર વર્ષે શ્રેષ્ઠ સામાજિક પ્રવૃતિ કરનાર યુનિવર્સિટી અને તેના કોઓર્ડિનેટરને રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ અપાય છે.
- આ વર્ષ દેશના બેસ્ટ NSSસેલ તરીકેનો એવોર્ડ ગુજરાત યુનિ.ના NSS સેલને અપાયો છે.
- ૨૪ સપ્ટેમ્બરના રોજ એવોર્ડ એનાયત થશે.
- સમગ્ર દેશની એક હજારથી વધુ યુનિ.માંથી ગુજરાત યુનિ.ની. પસંદગી શ્રેષ્ઠ સામાજિક કામગીરી કરવા બદલ આવી છે.
- ગુજરાત યુનિ.ના NSSવિદ્યાર્થીઓ અને કો–ઓર્ડિનેટર દ્વારા આ વર્ષે ઉત્તર ગુજરાતના પૂરમાં અનેક દિવસો સુધી રાહત કામગીરી કરવામાં આવી હતી.
- NSSની. સ્થાપના ૨૪ સપ્ટેમ્બર, ૧૯૬૯ (ગાંધીજીનું જન્મ શતાબ્દી વર્ષ) ના થઇ હતી.
- કેન્દ્રના યુવા અને રમત–ગમત મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.

Vivekanand Academy Gandhinagar